**વંચાણમાં :** (૧) અત્રેની કચેરીનો પરિપત્ર જા.નં.નકૃયુ/હિઅવહિનિ/કંટોલ/૭૦૯૦/૧૩. તા.૧૦/૦૭/૨૦૧૩.
(૨) અત્રેની કચેરીનો પરિપત્ર જા.નં.નકૃયુ/હિઅવહિનિ/કંટોલ/૭૬૨૮/૧૩. તા.૨૪/૦૭/૨૦૧૩.

## : પ રિ પ ત્ર :

આ યુનિવર્સિટીની તમામ યૂનિટ/સબયુનિટ કચેરીઓના વડાશ્રીઓને જણાવવાનું કે, ચાલુ નાણાંકીય વર્ષથી યુનિવર્સિટીમાં થતી આવક અને તેના ખર્ચાઓની નોંધણી યુનિવર્સિટીના ERPસોફ્ટવેર ધ્વારા થાય તે માટે પૂરતાં પ્રયત્નો કરવામાં આવી રહયા છે. દરેક કચેરીના વડાશ્રીઓને કચેરીની નાણાંકીય લેવડ દેવડ કરવા માટે બેંક ખાતા ખોલાવી લેવા અત્રેથી સૂચના આપેલ છે. આ બાબતે તમામ પ્રકારના નાણાંકીય વ્યવહારો હવે ERP સોફ્ટવેર ધ્વારા જ કરવાના રહેશે. હવે તમામ યોજનાના બીલોની ઓન લાઈન ડેટા એન્ટ્રી તથા તમામ યોજનાની આવકોની ડેટા એન્ટ્રી પ્રોગ્રામમાં કરવા કરવા બાબતે તથા નાણાંકીય લેવડ દેવડની કેશબુકમાં નોંધ કરવા બાબતે જરૂરી પ્રાથમિક જાણકારી આપવા એક તાલીમ કાર્યક્રમનું આયોજન નીચેના સ્થળે કરેલ છે.આ કાર્યક્રમમાં જે તે ટેબલના સંબધિત કલાર્ક તથા ઉપાડ અને ચુકવણાં અધિકારીશ્રી તાલીમમાં હાજર રહે તે જરૂરી છે.

**તાલીમનું સ્થળ** : સેમીનાર હોલ, ન.મ.કૃષિ મહાવિદ્યાલય, નવસારી.

તારીખ : તા.૨૬/૦૮/૨૦૧૩.

સમય : ૧૫–૦૦ કલાકે

**જા.નં.નકૃયુ/કોમ્પ્ટ/કંટોલ/** ૯૩૫૪ **/૨૦૧૩.**
**નવસારી. તા.૧૬/૦૮/૨૦૧૩.**
૧૭

**હિસાબી અધિકારી–વ–હિસાબ નિયામક**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી.**

**નકલ સવિનય રવાના:–**

(૧) યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ ઉપરોકત બાબતે કાર્યવાહી કરવા સારૂ.
(૨) આચાર્યશ્રી,ન.મ.કૃષિ મહાવિદ્યાલય, નવસારી તરફ જાણ તેમજ પ્રોજેકટર અને ઈન્ટરનેટની સુવિધા ઉપલબ્ધ રાખવા વિનંતી.
(૩) નિયામકશ્રી, આઈ.ટી,નવસારી તરફ સદરહુ તાલીમ વર્ગમાં ERP સોફ્ટવેરના ટેકનીકલ માર્ગદર્શન પૂરૂ પાડવા હાજર રહેવા વિનંતી.

**નકલ રવાના :**

વહીવટી–વ–હિસાબી અધિકારી,નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારી તરફ તમામ પ્રકારની આવક તથા ખર્ચનું ERPમાં ડેટા એન્ટ્રી કરવા બાબતે જરૂરી સાહિત્ય સાથે હાજર રહેવા વિનંતી.